Letter No: SJED/0529/12/2023 Dt: 27-12-2023

ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૩-૨૪ માટે શેરમૂડી ફાળાના બીજા હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ તથા ત્રીજા હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ એમ કુલ રૂ.૫૦.૦૦ (અંકે રૂપિયા પચાસ લાખ પુરા)ની ગ્રાન્ટ ફાળવવા બાબત.

सत्यमेव जयते

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:SJED/MIS/e-file/17/2022/1637/A-1
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૭/૧૨/૨૦૨૩

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૪/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/CIE/e-file/17/2022/2945/B.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૦૭/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2022/1637/A-1.

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૭/૧૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક: DDCW/COW/e-file/225/2023/0326/Corporation.

**આમુખ:-**

ઉપર વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં શેરમૂડીની ગ્રાન્ટ પેટે રૂ.૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ઉક્ત વંચાણે લીધાં ઠરાવ ક્રમાંક (૨) થી ઉક્ત જોગવાઇના ૨૫% મુજબ પ્રથમ હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખની શેરમૂડી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા માટેની વહીવટી મંજુરી આપેલ છે. ઉપર વંચાણે લીધા ક્રમાંક (૩) પરના પત્રથી સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત નિગમ માટે કરેલ બજેટ જોગવાઇના ૨૫% લેખે બીજા હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ અને ત્રીજા હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ એમ કુલ રૂ.૫૦.૦૦ (અંકે રૂપિયા પચાસ લાખ પુરા)ની શેરમૂડી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી ૨૫% મુજબ બીજા હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ તથા ત્રીજા હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ એમ મળી કુલ રૂ.૫૦.૦૦ (અંકે રૂપિયા પચાસ લાખ પુરા)ની શેરમૂડી ફાળાની ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા તાત્કાલિક ગુજરાત

Signature Not Verified
Signed by:Ketan Damor
Section officer
Date: 2023.12.28
17:31:28 +05:30

વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે .

(૩) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૪) સને ૨૦૨૩-૨૪ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે .

(૬) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૭) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ દ્વારા મંજૂર કરવામાં આવેલ લોનની રીકવરી નિયમિત રીતે થાય તેની પર્યાપ્ત કાળજી અચુક લેવાની રહેશે અને રીકવરીની વિગતો સરકારને રજુ કરવાની રહેશે.

(૮) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨, મુખ્ય સદર-૪૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓના કલ્યાણ, પેટા મુખ્ય સદર-૮૦, ગૌણ સદર-૧૯ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાકીય સહાય, પેટા સદર-૦૧, ડિએનટી-૦૯ ગુજરાત વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમને લોન હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત સુપરત કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી, નાણા વિભાગની તા.૨૨/૧૨/૨૦૨૩ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કેતન ડામોર)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં-૪/૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ</u>-

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, બ્લોક નં-૧૯,બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.

(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) સેક્શન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) સિલેક્ટ ફાઈલ-૨૦૨૩.

Signature Not Verified
Signed by:Ketan Damor
Section officer
Date: 2023.12.28
17:31:28 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign